તા. ૨૭/૦૨/૨૦૨૪

| અગ્રતા ક્રમાંક | તારાંકિત પ્રશ્ન ક્રમાંક | મુખ્ય પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રી / પ્રશ્નની વિગત | હકારાત્મક પ્રશ્ન ક્રમાંક | હકારાત્મક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧૩ | ૧૫/૦૪/૨૨૦૯ | કચ્છ જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળના માર્ગો<br>શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા–અબડાસા | ૧ | શ્રી કેશવલાલ પટેલ–ભુજ |

| પૂરક પ્રશ્ન ક્રમાંક | અગ્રતા ક્રમ – ૧૩<br>પુરક પ્રશ્ન આપેલ ધારાસભ્યશ્રીનું નામઃ– શ્રી કેશવલાલ પટેલ–ભુજ |
|---|---|
| પ્રશ્ન–૧ | **"પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના" કયારે શરૂ થઈ ? કચ્છ જીલ્લામાં આ યોજનાના તમામ તબકકા અંતગર્ત કેટલા રૂપીયા ના કેટલા કામો મંજુર થયા? આ પૈકી નાળા પુલીયાના સ્ટ્રકચરના કામોમાં કેન્દ્ર સરકાર કેટલા નાણાં ફાળવશે ?** |
| જવાબ–૧ | • ભૂતપુર્વ માન.વડાપ્રધાનશ્રી અટલબિહારી બાજપાઈશ્રીના કાર્યકાળ દરમિયાન તા.૨૫/૧૨/૨૦૦૦ ના રોજ (તેઓના જન્મ દિવસે) પ્રધાનમંત્રીગ્રામ સડક યોજના શરૂ કરવામાં આવેલ છે.<br>• કચ્છ જીલ્લામાં<br>➢ પી.એમ.જી.એસ.વાય – ૧ (૨૦૦૦ થી ૨૦૧૪) દરમિયાન વિવિધ તબક્કાઓમાં કચ્છ જીલ્લાના ૭૫૭.૨૬ કી.મી.લંબાઈના ૧૨૮ કામો માટે રૂા.૨૧૩.૪૫ કરોડની મંજુરી મળેલ છે. આ તમામ કામો પુર્ણ થયેલ છે.<br>➢ પી.એમ.જી.એસ.વાય – ૨ (૨૦૧૩–૧૪) દરમિયાન ૫૭.૨૪ કી.મી.લંબાઈના ૪ કામો માટે રૂા.૪૩.૮૭ કરોડની મંજુરી મળેલ છે. આ તમામ કામો પુર્ણ થયેલ છે.<br>➢ પી.એમ.જી.એસ.વાય – ૩ (૨૦૨૦–૨૧) દરમિયાન ૧૬૦.૧૦ કી.મી. લંબાઈના ૧૬ કામો માટે રૂા.૯૩.૬૭ કરોડની મંજુર મળેલ છે. (૧૪ કામો પુર્ણ, ૧ કામ પ્રગતિમાં અને ૧ કામ વનવિભાગની મંજુરી હેઠળ)<br>➢ વધુમાં, કચ્છ જીલ્લામાં પી.એમ.જી.એસ.વાય – ૩ હેઠળ મંજુર થયેલા રસ્તાઓ પર વર્ષ ૨૦૨૨–૨૩માં ૪૮ નાળા, પુલીયા, સ્ટ્રકચરના કામો માટે રૂા.૧૧૨.૯૪ કરોડ મંજુર કરવામાં આવેલ છે.<br>➢ પી.એમ.જી.એસ.વાય – ૩ ની ગાઈડ લાઈન મુજબના કામો માટે કુલ મંજુર પ્રોજેકટ રકમના ૬૦% કેન્દ્ર સરકાર અને ૪૦ % રાજય સરકારનો હિસ્સો હોઈ છે. |